ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 12TH November, 2018

પ્રતિ,

તંત્રી શ્રી,

...........................................................................,

ભાવનગર.

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા દેશના ભાવિ બાળવૈજ્ઞાનિકો માટે જીલ્લા કક્ષાની ૨૬ મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં ૧૦ લઘુસંશોધનો રાજ્ય કક્ષાએ ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.**

આજનો વિદ્યાર્થી આવતીકાલનું ભવિષ્ય છે. વિદ્યાર્થીમાં રહેલી ક્ષમતા અને નવા વિચારો દેશના નવસર્જન માટે ખુબ જરૂરી છે ભારત દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓ સંશોધનકાર્ય તરફ પોતાનો દ્રષ્ટિકોણ કેળવે તેવા આશયથી છેલ્લા ૨૪ વર્ષથી 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'નું ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ NCSTC દ્વારા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું આયોજન વિવિધ સ્તરે કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ માટે મુખ્ય વિષય 'સ્વચ્છ હરિયાળું અને સ્વસ્થ રાષ્ટ્ર માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ' છે. ગુજરાત રાજ્યમાં આ પ્રવૃતિનું સંચાલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

જેના ભાગરૂપે ભાવનગર જીલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ -૨૦૧૮ નું આયોજન તા.૧૦ નવેમ્બર,૨૦૧૮ ના રોજ "વિજ્ઞાન ભવન" , ભાવનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં ડૉ. હિતેશભાઈ શાહ (એસોસિયેટ પ્રોફેસર, સર પી.પી. સાયન્સ કોલેજ, ભાવનગર), શ્રી ડૉ. નીરજ રાજ્યગુરુ (આચાર્યશ્રી, કોબડી પ્રાથમિક શાળા), શ્રી ભાવેશભાઈ વ્યાસ (એકેડેમિક કોર્ડીનેટર, એન.સી.એસ.સી), ડૉ. પ્રણવ શાહ (પ્રોફેસર, સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી કોલેજ,) તથા શ્રી શૈલેશભાઈ ડાભી એ નિર્ણાયક તરીકે ફરજ બજાવી હતી.

આ સંશોધનાત્મક સ્પર્ધામાં જેન્સી ગુંદીગરા, સુવિન મોરી, રવિ ડાભી, હેતલ ડોડીયા, અદિતિ પટેલ, દ્રીજ આદેસરા, આશ્કા મશરૂ, રોહન જોષી,આદિત્ય વોરા અને શૈલી અંધારિયાના સંશોધન પસંદગી પામ્યા હતા.

રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદના જીલ્લા કક્ષાના અધિવેશનમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા કુલ ૩૯ લઘુ સંશોધનો રજુ કરવામાં આવેલ. જે પૈકીના પસંદગી પામેલ સંશોધનો આગામી દિવસો માં ભાવનગર જીલ્લાનું રાજ્ય કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.

આ સમગ્ર કાર્યક્રમમાં મહેમાનો, નિર્ણાયકો, બાળ વૈજ્ઞાનિકો અને શિક્ષકો કુલ ૧૦૦ લોકો જોડાયા હતા.તમામ બાળવૈજ્ઞાનિકો એ ઉત્સાહભેર શહેર ની સમસ્યાને લગતા પ્રશ્નો પર પોતાના વિચારો અને ઉપાયો રજુ કર્યા હતા. ભાગ લેનાર તમામ બાળ વૈજ્ઞાનિકો અને તેમના માર્ગદર્શક શિક્ષકશ્રીઓ ને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

12-11-'18

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.